આ વાતને થોડા દિવસ વિતી ગયા. એક દિવસ કંવરરામ ગુરૂની સમાધિના દર્શનાર્થે ગયા. ત્યાં તેને જીંદગીના દિવસો પુરા થઇ રહ્યા હોવાનો ભાસ થતાં તેમણે શિષ્યોને આખરી રામ-રામ કહ્યાં અને પછીથી તેઓ સખરનાં કલેક્ટરનાં નિમંત્રણને માન આપી તેઓ ત્યાં જમવા ગયા. તેઓ જમતાં હતાં ત્યારે હાથમાંથી કોળીયો પડી ગયો અને કંવરરામ જમતાં-જમતાં ઉભા થઇ ગયા. દરેકે પુછ્યુ કે, અરે મહારાજ આ શું ? ત્યારે કંવરરામ બોલ્યા હવે આ શરીરને અન્નની જરૂર નથી... અન્નજળ પુરા થયાં, આ શબ્દોને ભક્તો સમજી ન શક્યાં અને સંત કંવરરામ હિન્દુઓને રામ - રામ અને મુસ્લિમોને સલામ કરી શિષ્ય મંડળી સાથે રેલ્વેમાં જવા સખર સ્ટેશને આવ્યાં અને ટ્રેનમાં બેઠાં. ટ્રેન ઉપડી, થોડા સ્ટેશનો પસાર થયા ત્યાં અચાનક બે ગોળીઓ છુટી અને સંત કંવરરામની ગરદનની આરપાર ઉતરી ગઇ અને સંત કંવરરામ ઇ.સ. ૧૯૩૯ની ૧લી નવેમ્બરે મૃત્યુ પામ્યાં.

સંત કંવરરામની હત્યા થયાનાં સમાચાર આખા સિંધમાં ફરી વળ્યા અને ૨જી નવેમ્બરે સિંધમાં ક્યારેય ન પડી હોય તેવી હડતાલ પડી અને આખુ સમસ્ત સિંધ બંધ રહ્યુ, અને સિંધ શોકના સાગરમાં ડુબી ગયું. સંત કંવરરામના દેહને સંત સતરામદાસની સમાધિ પાસે સમાધી આપવામાં આવી.

# રામાયણ કથાકાર રમાબેન તથા ભક્ત શ્રી પુરૂષોત્તમદાસ હરિયાણી

પ્રખર રામ કથાકાર શ્રી રમાબેન હરીયાણીનો જન્મ સૌરાષ્ટ્રનાં અમરેલી જિલ્લાનાં વરસડા નામનાં ગામમાં લોહાણા પુરૂષોત્તમભાઇને ત્યાં થયો હતો. પ્રેમ દિવાની મીરાબાઇની જેમ ભગવાન રામ પ્રત્યે સંપૂર્ણ સમર્પિત થનાર રમાબેન હરિયાણીએ રામાયણનાં કથાકાર તરીકે પ્રસિદ્ધ થયા છે. માનવધર્મનાં પ્રણેતા રણછોડદાસજી મહારાજનાં તેઓ શિષ્ય બન્યાં, રમાબેનના પિતાજી પુરૂષોત્તમદાસ પણ ભક્તિમાર્ગે ચાલનારા હતાં.

પૂ. સંત શ્રી જલારામબાપા વરસડા ગામે તેમના ભત્રીજી અંબામાંને ત્યાં વારંવાર આવતાં. પરંતુ તેઓ ત્યાં જમતાં નહિં અને પુરૂષોત્તમદાસના દાદા દેવશીબાપાને ઘેરે ભોજન લેતાં અને દેવશીબાપાનો પણ એવો નિયમ હતો કે, સાધુ-સંતોને જમાડવાં. આમ, દેવશીબાપાનાં પરિવારમાં પ્રથમથી જ ભક્તિનું વાતાવરણ હતું. પુરૂષોત્તમભાઇને આખી ગીતા કંઠસ્થ હતી. તેઓ મેટ્રીક પાસ કર્યા પછી વધુ અભ્યાસ અર્થે મુંબઇ ગયા. ત્યાં અભ્યાસ દરમ્યાન તેમનાં વિચારો ઇશ્વર પ્રાપ્તિ માટેના જ ચાલતાં. એ સમયે ગાંધીબાપુની ઐતિહાસિક દાંડી કુચે દેશ આખાને જાગૃત કર્યો હતો અને ત્યારે પુરૂષોત્તમભાઇ પણ દેશસેવાના કાર્યમાં જોડાયાં અને દેશસેવાનાં કાર્યો દરમ્યાન તેમણે પદયાત્રાઓ કરી અનેક ગામોની મુલાકાત લીધી અને પદયાત્રા દરમ્યાન તેમને અનેક સાધુ-સંતો-ભક્તોનાં દર્શનનો લાભ મળ્યો. આ પદયાત્રા દરમ્યાન તેમને નારાયણ સ્વામીના દર્શનનો લાભ મળ્યો અને નારાયણ સ્વામીએ પુરૂષોત્તમભાઇને દરરોજની ૨૦૦ માળા કરવાનો મંત્ર આપ્યો અને પુરૂષોત્તમભાઇએ સાક્ષાત્કાર કરવા નિયમીત ૨૦૦ માળા જપવાની શરૂ કરી. એ સમયે એમને સમાચાર મળ્યા કે, રણછોડદાસબાપુ રાજકોટ પધાર્યા છે ત્યારે પુરૂષોત્તમદાસ રણછોડદાસજીનાં દર્શન માટે રાજકોટ પહોંચ્યા અને રણછોડદાસબાપુના સાંનિધ્યનો લાભ પુરૂષોત્તમભાઇને મળતા દિવ્ય અનુભવ થયો અને તેઓ જેની શોધમાં હતાં તે તેને પ્રાપ્ત થયું અને પુરૂષોત્તમભાઇ રણછોડદાસબાપુના શિષ્ય બન્યાં. પૂ. રણછોડદાસબાપુ માનવધર્મના પ્રણેતા હતા અને તેઓ અતિવૃષ્ટિ, દુષ્કાળ, આફતના સમયે માનવ સમાજની સેવા અર્થે દોડી જતાં. તેઓ નેત્રયજ્ઞો, રોગ નિદાન કેમ્પો અને અનેક સેવાકીય કાર્યો કરતાં. બિહારના અને બનાસકાંઠા જિલ્લામાં પડેલ દુષ્કાળ વખતે પણ તેણે અન્નદાન અને સુખડીનુ વિતરણ કરેલ હતુ. તેમનો જીવનમંત્ર હતો કે 'રામનામ જપતે રહો, ભૂખે કો અન્ન દેતે રહો.' અને પૂ. રણછોડદાસબાપુના આ દરેક સેવાકાર્યોમાં પુરૂષોત્તમભાઇ પણ તન-મન-ધનથી સેવાકાર્યો કરતાં. ભક્તિભાવવાળા પિતાજીના પગલે-પગલે નાનકડી બાળા રમા પણ ગુરૂદેવના સંપર્કમાં આવી અને તેમની શિષ્યા બની અને તેણીએ ગુરૂના ચરણોમાં બેસીને ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો અને તેણીએ આંતરિક પ્રકૃત્તિ પ્રમાણે ભક્તિનો રાહ પસંદ કર્યો.

પુરૂષોત્તમદાસબાપુ રામચરિત માનસના પાઠ કરતાં અને નાનકડી રમા એ જુવે અને ગ્રહણ કરે. રમાબેનને વાંચવાનો કંટાળો આવતો. પરંતુ ગુરૂઆજ્ઞા થતાં તેણે રામચરિત માનસ પાઠ ૮૫ વાર વાંચ્યા અને આ રીતે વારંવાર વાંચવાથી તેને રામચરિત માનસના પાઠ કંઠસ્થ થવા લાગ્યા. પછી તો રમાબહેન નિત્ય પાઠ કરતાં રહ્યાં. સમય સંજોગો પ્રમાણે રામચરિત માનસ તેમનો નિત્ય ક્રમ બની ગયો. વિષમ પરિસ્થિતિમાં તેમણે પુ. મોરારીબાપુ દ્વારા થતી રામકથાનો આધાર લીધો. થોડો સમય બાદ સંજોગોવસાત ત્યાં જવાનું પણ બંધ થયું. શ્રી રમાબેન ગુરૂદેવના આદેશથી રોજ રાત્રે એક કલાક રામધુન અને એક કલાક રામાયણનો પાઠ નિત્ય કરતાં. એ પછી તે જ્યારે વરસડા જતાં ત્યારે ત્યાં પણ આ ક્રમ ચાલુ રહેતો. આમ, તેની રામાયણ પ્રિતી જાણીતી હતી. રમાબેનના માતુશ્રીનું જ્યારે મૃત્યુ થયુ પછી ત્રણ દિવસ વરસડામાં રોજ રાત્રે રામાયણ પાઠ કર્યો. એટલે ગામના લોકો ખૂબ જ રાજી થયાં અને ગામલોકોએ રમાબેનને કહ્યુ અમારે ગામમાં તમારી પાસે કથા કરાવવી છે ત્યારે રમાબેને હસીને આશ્ચર્ય સાથે કહ્યુ કે, હું કાંઇ કથાકાર નથી, પણ ગામલોકોએ તો આગ્રહ ચાલુ રાખ્યો અને શ્રી રમાબેન રામકથા કરશે એવી જાહેરાત કરી દીધી. આમ, ઇ.સ. ૧૯૯૧માં પોતાની જન્મભૂમિ વરસડામાં શ્રી રમાબેન હરિયાણીએ પહેલી રામકથા કરી. પછીથી રમાબહેને અત્યાર સુધીમાં ૨૦૦ જેટલી રામકથાઓ કરી છે, અને રામનામનાં લગભગ ૨૫ જપયજ્ઞો પણ તેણે કરાવ્યા. તેઓ જણાવે છે કે, 'જો માનસ કે ૧૦૮ પાઠ કરતા હૈ ઉસકા માનસ કે સાથ નિત્ય સંબંધ હો જાતા હૈ' અને તેમનું જીવન ગુરૂદેવના આ શબ્દથી માનસમય રામમય બન્યુ છે.

# રામાયણ કથાકાર શ્રી બલરામભાઈ

રામ કથાકાર શ્રી બલરામભાઇનો જન્મ જામનગર જિલ્લાનાં ખંભાળીયા સ્થિત રામભકત નારાયણભાઇ કાનાણીને ત્યાં ઇ.સ. ૧૯૧૮નાં ચૈત્ર સુદ છઠ્ઠના દિવસે થયો હતો. નારાયણભાઇ કાનાણીને ખંભાળીયામાં નાનકડી હાટડી ચાલતી હતી. નારાયણભાઇ દુકાને બેસીને વેપાર કરતાં-કરતાં સમય મળ્યે રામાયણ વાંચતાં. નાનો બાળક બલરામ પિતાની સાથે જ્યારે હાટડીએ બેસતો અને પિતા રામાયણ વાંચતા ત્યારે ભક્તિભાવપૂર્વક રામાયણનું શ્રવણપાન બાળક બલરામ કરતો. બલરામ ભણી-ગણીને દુકાને બેસવા લાગ્યો અને તે પણ